મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

G T NEWS ગરવી તાકાત LIVE

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

૧૯-૦૫-૨૦૨૫ સોમવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૩૫

પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી



ગરવી તાકાત

હવે આંગળીના ટેરવે

તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગળીના ટેરવે

Garvitakat.com

લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો

Garvi Takat. com



કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367


## ગોઝારીયા ખાતે કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહની ઉપસ્થિતિમાં શ્રી કે.કે.પટેલ અને શ્રીમતી મધુબેન પટેલ નર્સિંગ કોલેજ ઉદ્ઘાટન સમારોહ યોજાયો

# દેશના ૬૦ કરોડ નાગરિકોને ૦૫ લાખના આયુષ્માન કાર્ડ થકી આરોગ્યની સુલભ સેવાઓ મળી રહી : અમિત શાહ










(ગરવી તાકાત) મહેસાણા તા.૧૮

મહેસાણા જિલ્લાના ગોઝારીયા ખાતે શ્રીમતી સમરથબેન ચુનિલાલ અને શેઠશ્રી ડોસાભાઈ માધવજી સાર્વજનિક હોસ્પિટલ ગોઝારીયા દ્વારા સંચાલિત શ્રી કે.કે.પટેલ અને શ્રીમતી મધુબેન પટેલ નર્સિંગ કોલેજ ઉદ્વાટન સમારોહ કેન્દ્રિય ગૃહમંત્રીશ્રી અમિતશાહના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે, દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્રના નાગરિકોની આરોગ્ય સેવાઓ સુદ્રઢ બને તે દિશામાં વર્ષ ૨૦૧૪થી આમૂલચૂલ પરિવર્તન કર્યું છે, તેમણે ઉમેર્યુ હતું કે,દેશના ૬૦ કરોડ નાગરિકોને ૦૫ લાખના આયુષ્માન કાર્ડ થકી આરોગ્યની સુલભ સેવાઓ મળી રહી છે.

કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે, પોષણ અભિયાન, સ્વચ્છ ભારત મિશન, ફીટ ઈન્ડિયા મૂવમેન્ટ, હર ઘર જલ, ઘર ઘર શૌચાલય, મિશન ઈન્દ્રધનુષ, આયુષ્યમાન ભારત જેવી અનેકવિધ યોજનાઓનો લાભ છેવાડાના નાગરિકોને મળી રહ્યો છે, તેમણે જણાવ્યું હતું કે, દેશના પ્રધાનમંત્રીશ્રીના નેતૃત્વમાં આરોગ્ય સેવાઓ વધુ સારી રીતે મળી રહે તે માટે ભૂતકાળમાં ૩૭ હજાર કરોડના બજેટથી વધારી આજે ૦૧ લાખ ૩૭ હજાર કરોડની રકમ માત્ર આરોગ્યની સુખાકારી માટે આપી છે.

શ્રી શાહે જણાવ્યું હતું કે, દેશમાં નેશનલ ડિજિટલ હેલ્થ ઈકો સીસ્ટમ, આયુષ્માન મંદિરથી આરોગ્યની સુખાકારીમાં વધારો થયો છે, જેમાં ૦૭ એઈમ્સથી આજે ૨૩ એઈમ્સ, મેડિકલ કોલેજમાં ૩૮૭ થી ૭૮૦ કોલેજો થઈ છે જેનાથી ભુતકાળમાં ૫૧ હજાર ડોક્ટરો પદવી મેળવતા હતા આજે ૧,૧૮,૦૦૦ ડોક્ટરો દેશને મળી રહ્યા છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, સમગ્ર ઈકો સીસ્ટમ ક્ષેત્રે ટેલી મેડિસિન સુવિધામાં વધારો થયો છે, તેમજ છેલ્લા ૧૦ વર્ષમા જન ઔષધિ કેન્દ્રથી ૨૫ હજાર કરોડ રૂપિયાની દવાઓ દેશના નાગરિકોને મળી છે.

આ તકે દેશના ૧૩૦ કરોડ નાગરિકોના સ્વાસ્થ્ય માટે ખૂબ મોટુ અભિયાન સરકાર દ્વારા ચલાવવું છે તેમ જણાવી તેમણે આપણા પૂર્વજોએ બનાવેલ હોસ્પિટલોને આધુનિક હોસ્પિટલો બને તે જવાબદારી સમાજની છે તે માટે સૌને અનુરોધ કર્યો હતો.

કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે, આજે દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશમાં સખાવતથી ચાલતી હોસ્પિટલૉને આયુષ્માનમાન ભારત યોજનાથી ચાલક બળ મળ્યું છે,જેનાથી સમાજ વ્યવસ્થા જીવંત બની છે. ગોઝારીયા ખાતે આ પ્રકારના નવીન પ્રકલ્પથી આજુબાજુના ૫૦ થી વધુ ગામડાના નાગરિકોને સેવાઓ મળી રહી છે જે ઐશ્વર્ય કાર્ય છે.


આ પ્રસંગે સાંસદશ્રી હરિભાઈ પટેલે જણાવ્યું હતું કે, આજે ગોઝારીયા માટે ગૌરવશાળી ક્ષણ છે. રાજ્યથી રાષ્ટ્રનો વિકાસ યશશ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને સહકારિતા મંત્રી શ્રી અમિત ભાઈ શાહને આભારી છે, જેનાથી આજે દેશ દરેક ક્ષેત્રમાં પ્રગતિ કરી રહ્યો છે,

કાર્યક્રમમાં કાંકરોલી નરેશ પરમ પૂજ્ય ૧૦૮ ડૉ.વાગીશકુમારે આશિર્વચન પાઠવ્યા હતા અને પ્રાસંગિક પ્રવચન કરી દાતાશ્રીઓનો આભાર વ્યક્ત કર્યો હતો, આ પ્રસંગે કેન્દ્રિય ગૃહમંત્રીશ્રી સહિત મહાનુંભાવોના હસ્તે દાતાશ્રીઓનું સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ કેન્દ્રિય ગૃહમંત્રીશ્રીનું ટ્ર્સ્ટ-ગ્રામજનો દ્વારા ઉમળકાભેર સ્વાગત કરાયું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે આ હોસ્પિટલ દ્વારા સર્જીકલ વિભાગ, ગાયનેક વિભાગ,મેડીસીન વિભાગ, ઓર્થોપેડીક વિભાગ,આંખ વિભાગ,બાળ વિભાગ,દાંત વિભાગ, ફિઝીયોથેરાપી વિભાગ, કિડની ડાયાલિસીસ સેન્ટર સહિત માનદ વિઝીટીંગ સેવાઓમાં ઈએનટી, સ્કીન, માનસિક, સોનોગ્રાફી, ગેસ્ટ્રોલોજી, ઈકો, નેફ્રોલોજી, ન્યુરો ફિઝીશીયન, પર્મોલોજી સહિતની સેવાઓ આપવામાં આવે છે. આ ટ્રસ્ટ્ર દ્વારા ઉચ્ચકક્ષાની ગુણવત્તાયુકત તબીબી સારવાર કેન્દ્ર બનાવી નવીન ટેકનોલોજી અને માનવીય અભિગમથી સામાન્ય માનવીને મદદરૂપ થવાની ખેવના છે.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ તૃષાબેન પટેલ,સાંસદશ્રી ભરતસિંહ ડાભી,, ધારાસભ્ય સવેશ્રી મુકેશભાઈ પટેલ, જે.એસ.પટેલ, જિલ્લા કલેક્ટરશ્રી એસ. કે. પ્રજાપતિ, અગ્રણીશ્રી ગીરીશભાઈ રાજગોર, પદ્મ શ્રી કરશન પટેલ, સ્થાપક ટ્રસ્ટીશ્રી સતીષભાઈ શાહ, ટ્રસ્ટ્રના હોદ્દેદારો શ્રી કે.કે.પટેલ, શ્રી બહેચરભાઈ પટેલ, શ્રી ભીખાભાઈ પટેલ, રાજેન્દ્રભાઈ પટેલ, શોભનાબેન શાહ, નાથાલાલ પટેલ સહિત ટ્રસ્ટીઓ, કારોબારી સભ્યશ્રીઓ તેમજ હોસ્પિટલ પરીવાર સહિતના ઉપસ્થિત રહ્યા હતા.


આઠમી માસિક પુણ્યતિથિએ અશ્રુભરી શ્રદ્ધાંજલિ



સ્વ.રાયસંગભાઈ મેઘરાજભાઈ ચૌધરી

સ્વ.તા.૧૯-૦૯-૨૦૨૪ ભાદરવા વદ-૨ ને ગુરૂવાર

આપની અચાનક વિદાયને આજે આઠ મહિના પુરા થયાં છતાં એમ લાગે છેકે, આપ અમારી સાથે જ છો. પળે પળે આપની યાદ આવે છે, આ સ્મરણો એ જ અમારો શ્વાસ છે, આપનો નવકારમય આત્મા ભવ ભ્રમણથી મુકત થઈ મોક્ષ સુખ પામો. એજ પરમકૃપાળુ પરમાત્માને અંતરથી પ્રાર્થના કરતા આપના પરિવારજનો

ગં.સ્વ.સૂરજબેન રાયસંગભાઈ ચૌધરી

પ્રકાશભાઈ રાયસંગભાઈ ચૌધરી (તંત્રી : ગરવી તાકાત દૈનિક)
સોનલબેન પ્રકાશભાઈ ચૌધરી
સાહિલ પ્રકાશભાઈ ચૌધરી
અવની સાહિલભાઈ ચૌધરી

અરવિંદભાઈ રાયસંગભાઈ ચૌધરી
નયનાબેન અરવિંદભાઈ ચૌધરી
સ્મિત અરવિંદભાઈ ચૌધરી
ક્રિના સ્મિતકુમાર ચૌધરી
હેલી, સુષ્ટિ

મુ.પો. પુનાસણ, તા.જિ. મહેસાણા


## મહેસાણા જિલ્લા કલેક્ટર એસ.કે.પ્રજાપતિના અધ્યક્ષસ્થાને પ્રિ-મોન્સૂન કામગીરી અંગેની બેઠક યોજાઈ

# મહેસાણા જિલ્લામાં ભારે વરસાદના કારણે નાગરીકોને કોઈ પણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે આગોતરૂ આયોજન

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૮

મહેસાણા જિલ્લામાં વરસાદની ઋતુમાં નાગરિકોને કોઈપણ પ્રકારની મુશ્કેલીઓ ન પડે તેમજ તેઓની સાવધાની અને સલામતી માટે આગોતરા આયોજનના ભાગરૂપે જિલ્લા કલેકટરશ્રી એસ.કે.પ્રજાપતિના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી ખાતે પ્રિ-મોન્સુન બેઠક યોજાઈ હતી.



આ બેઠકમાં જિલ્લા કલેકટરશ્રી એસ.કે.પ્રજાપતિએ વર્ષાઋતુમાં તાલીમી માનવબળ, રેસ્ક્યુના સાધનોની ચકાસણી, તરવૈયાઓની યાદી, આપદા મિત્રોની યાદી સહિત વરસાદી ઋતુમાં મુશ્કેલી સર્જાય એવા સ્થળો/ગામોની ઓળખ કરવા સાથે વીજ પુરવઠો જળવાઈ રહે તથા ભારે વરસાદમાં સ્થાનિકોને આશ્રય સ્થાને ખસેડવા લઈ જવા પડે, તો તે સ્થળે વીજળી-પાણી સહિતની નજીકની પ્રાથમિક શાળાઓમાં સુવિધાઓ અંગે પણ આગોતરા આયોજન કરવા માટે સંબંધિત અધિકારીઓને કેટલાંક રચનાત્મક સુચનો કર્યા હતા.

આ બેઠકમાં નિવાસી અધિક કલેકટરશ્રી જે.કે.જેગોડાએ ચોમાસાની ઋતુને ધ્યાને લઈને જિલ્લા અને તાલુકા કક્ષાએ ડિઝાસ્ટર કંટ્રોલ રૂમ શરૂ કરાવી વરસાદી સ્થિતિ અંગે નિગરાની રાખી સાવચેતી રાખવા,રસ્તા પરના જોખમી વૃક્ષોનો નિકાલ, વૃક્ષ ટ્રીમીંગ, જર્જરિત મકાનો, હોર્ડિંગ્સ, બેનર ઉતારી લેવા, કેનાલ, નદી-નાળાની સાફ-સફાઈ, ડેમોની ચકાસણી, ફૂડ પેકેટ વ્યવસ્થા, આરોગ્ય, લાયઝન અધિકારીઓની નિમણુક, જરૂરિયાત મુજબ અનાજનો જથ્થો અને વિતરણ વ્યવસ્થા, સર્વેની કામગીરી માટે ટીમની રચના, કોઝવે અને નીચા પુલ ઉપર પાણીનું લેવલ દર્શાવતું ઈન્ડીકેટર, એસ. ટી. વ્યવસ્થા, પ્રાણીઓના રસીકરણ, બચાવ તેમજ મૃત પ્રાણીની વ્યવસ્થા કરવા, ખેતીવાડી તથા ઔદ્યોગિક જોખમ સમયે રાહત કામગીરી માટે જણાવ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડૉ. હસરત જૈસમીન, પ્રાંત અધિકારીશ્રીઓ સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દેણપ ગામ નજીક તરભ જતાં રોડ પર એક્ટિવા અને પલ્સર બાઈક વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૮

વિસનગર તાલુકાના દેણપ ગામ નજીક તરભ જતા રોડ પર એક્ટિવા અને પલ્સર બાઈક વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો છે. અકસ્માતમાં પલ્સર બાઈક ચાલકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું છે. પાછળ બેઠેલા યુવકને સામાન્ય ઈજાઓ થઈ છે.વડનગર તાલુકાના



સૂંઢીયા ગામના હઠીપુરામાં રહેતા ઠાકોર ભાવેશજી પ્રતાપજી અને ઠાકોર નરેશજી પલ્સર બાઈક (GJ.02.CM.6142) પર તરભથી દેણપ ગામ તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન દેણપ તરફથી પૂરઝડપે આવી રહેલા એક્ટિવા (જીજે.૦૨.એઈ.૯૫૭૪) સાથે તેમનું બાઈક અથડાયું હતું.

અકસ્માતમાં બંને યુવકો નીચે પટકાયા હતા. બાઈક ચાલક ઠાકોર ભાવેશજીનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. ઠાકોર નરેશજીને ઈજાઓ થઈ હતી.

અકસ્માતની જાણ થતાં મૃતક ભાવેશજીના ભાઈ ઠાકોર રાજુજી પરિવારજનો સાથે ઘટનાસ્થળે પહોંચ્યા હતા. રાજુજીએ વિસનગર તાલુકા પોલીસ મથકમાં એક્ટિવા ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.




# સંઘર્ષ વિરામ બાદ

શનિવારે જાહેર કરાયેલા સંઘર્ષ વિરામ બાદ ભારત અને પાકિસ્તાનમાં તણાવનું સ્તર ઘટ્યું છે તો તેનું સ્વાગત કરવું જોઈએ. જોકે પાકિસ્તાનની ફિતરત જોતાં ભારત સરકાર અને ભારતીય સેના કેટલી હદે સતર્ક છે તે રવિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આવાસ પર રાષ્ટ્રીય સુરક્ષા સાથે જોડાયેલા શીર્ષ નેતૃત્વની બેઠકથી સમજી શકાય છે. નિઃસંદેહ, આ વધારાની સતર્કતા આશ્વસ્ત કરે છે અને તેને ત્યાં સુધી રાખવાની જરૂર છે જ્યાં સુધી બંને દેશોની સીમાઓ પૂર્વવત શાંતિપૂર્ણ સ્થિતિમાં પાછી ન ફરે. એમ પણ ભારતીય સેનાએ 'ઓપરેશન સિંદૂર'ને અંજામ ાપ્યા બાદ એ સ્પષ્ટ કર્યું હતું કે તેની કાર્યવાહી પાકિસ્તાનની જનતા વિરુદ્ધ નથી, પરંતુ તેનું લ-ય આતંકનાં એ કેન્દ્રોને ધ્વસ્ત કરવાનું હતું જે ભારતીય જમીન પર ખૂનખરાબા માટે જવાબદાર છે અને પહેલગામના ૨૬ નિર્દોષ હિંદુ સહેલાણીઓના કત્લેઆમમાં સામેલ છે. નવ આતંકી શિબિરોને નેસ્તનાબૂદ કરીને અને મોટી સંખ્યામાં આતંકીઓનો સફાયો કરીને આ ઓપરેશને પોતાનો મકસદ હાંસલ કર્યો છે.આ સમગ્ર પ્રકરણમાં પાકિસ્તાની સત્તા-પ્રતિષ્ઠાનનું વલણ બેહદ અમાનવીય અને ઉશ્કેરનારું રહ્યું. આતંકીઓને દફન કરતી વખતે આખી દુનિયાએ જોયું કે કઈ રીતે એ બધાને ત્યાં રાજકીય સન્માન આપવામાં આવ્યું, બલ્કે ત્યારબાદ પણ ભારતીય નાગરિક અને સૈન્ય ઠેકાણાં પર મિસાઈલ અને ડ્રોન હુમલાની હિમાકત કરીને તેણે પોતાની રક્ષા કમજોરીઓનો દુનિયામાં તમાશો બનાવી દીધો. ભારતના મજબૂત ડિફેન્સ સિસ્ટમે ન માત્ર તેના તમામ પ્રહાર નિષ્ફળ કરી દીધા, બલ્કે જેવું રક્ષા મંત્રી રાજનાથ સિંહે કહ્યું, બ્રહ્મોસ મિસાઈલની ધાક રાવલપિંડીમાં બેઠેલા ફોજી સાહેબોએ પણ સાંભળી. ઓપરેશન સિંદૂરની સફળતાએ પાકિસ્તાન સહિત આખી દુનિયાને એ સ્પષ્ટ સંદેશ આપી દીધો કે ભારતીય ભૂમિ પર આતંકવાદી કૃત્ય કરીને કોઈ આતંકી કોઈ દેશમાં ખુદને સુરિક્ષત સમજવાની ભૂલ ન કરે. કાશ્મીરમાં રહેતા મુઠ્ઠીભર આતંકીઓ કે તેમની સાથે સહાનુભૂતિ રાખનારાને પણ હવે ખબર પડી જવી જોઈએ કે ગુનેગાર ગમે ત્યાં છૂપાય, છોડવામાં નહીં આવે. પરંતુ આ સમગ્ર સંઘર્ષમાં ક એવું પાસું પણ જોવા મળ્યું છે, જેને નંજરઅંદાજ ન કરી શકાય અને જે ભારતીય રાજદ્વારી અને આંતરિક સુરક્ષા તંત્ર માટે નવી અગ્દિ્નપરીક્ષા સાબિત થઈ શકે છે. અમેરિકા એવા પ્રયાસ કરી રહ્યું છે કે તે ભારત-પાકિસ્તાન વચ્ચે લવાદની ભૂમિકા ભજવે. પરંતુ ભારતીય કૂટનીતિએ તેમની દરેક ચાલને નિષ્ફળ કરી દીધી. જોકે આખાબોલા ટ્રમ્પની પાછલા બે દિવસની ટિપ્પણીઓ હવે ઈસ્લામાબાદને નવેસરથી પ્રેરિત કરી શકે છે કે તે ટ્રમ્પ પ્રશાસનને ખુશકરવા માટે કાશ્મીર મુદ્દાને વારંવાર તેમની સામે રજૂ કરે. તેના માટે તે કાશ્મીરમાં નવેસરથી આતંકને ઉત્તેજન આપવાની કોશિશ કરી શકે છે. તેથી ભારતે સ્પષ્ટ શબ્દોમાં અમેરિકા સત્તા-પ્રતિષ્ઠાનને એ સ્પષ્ટ કરી દેવું જોઈએ કે આ મામલે કોઈ ત્રીજા પક્ષ માટે કોઈ અવકાશ નથી.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

## ખેડાના નડિયાદના શાંતિ ફળિયા વિસ્તારમાં કોલેરાગ્રસ્ત જાહેર કરવામાં આવ્યો છે



ખેડા,તા.૧૮

ગુજરાતના ખેડાના નડિયાદના શાંતિ ફળિયા વિસ્તારમાં કોલેરાગ્રસ્ત જાહેર કરવામાં આવ્યો છે. શાંતિ ફળિયામાં ઝાડા-ઉલટીના કેસ વધ્યા હતા. જેના કારણે આરોગ્ય વિભાગ દોડતું થયું છે. નડિયાદમાં કોલેરાના કેસો વધતા વિસ્તારમાં ખળભળાટ મચી જવા પામી છે. શાંતિ ફળિયા, અમદાવાદી દરવાજા સહિત કેટલાક વિસ્તારો કોલેરાગ્રસ્ત જાહેર કરાયો છે. તંત્રએ પાણીપુરી, બરફ ગોળા સહિતની લારીઓ બંધ કરાવી હતી.

શહેરના અમદાવાદી દરવાજા તેમજ શાંતિ ફળિયા વિસ્તાર ઉપરાંત આસપાસના બે કિલોમીટરના વિસ્તારને કોલેરાગ્રસ્ત જાહેર કરાયો છે. શહેરના શાંતિ ફળિયામાં ૧ કોલેરાનો કેસ મળ્યો છે. આ વિસ્તારમાં હજુ ૨૦ જેટલા ઝાડા ઉલ્ટીના કેસ સામે આવ્યા છે. કોર્પોરેશન દ્વારા તકેદારીના પગલા લેવાયા છે અને પાણીપુરી, બરફની લારી સહિત અન્ય હાટડીઓ બંધ કરાવી હતી. જિલ્લા કલેકટર અમિત પ્રકાશ યાદવે જાહેરનામુ બહાર પાડ્યું છે.

બીજી બાજુ સિવિલ હોસ્પિટલમાં ૧૨ બાળક સહિત ૨૨ મહિલાને દાખલ કરવામાં આવી છે. ખાનગી હોસ્પિટલમાં પણ દર્દીઓ સારવાર હેઠળ છે. પીવાના પાણીની પાઈપલાઈન દૂષિત પાણી ભળી જતા કોલેરા ફેલાયો હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી છે. મનપાએ પાઈપલાઈનમાં લીકેજ શોધી રિપેરિંગનું કામ હાથ ધરવામાં આવ્યું છે.સિવિલ હોસ્પિટલમાં બાળકો સહિત મહિલાઓ દાખલ છે. સિવિલમાં ૧૨ બાળક સહિત ૨૨ મહિલા સારવાર હેઠળ દાખલ કરાયા છે. ત્યારથી મનપાનું આરોગ્ય વિભાગ પણ સતર્ક બન્યું છે. કલેકટરના જાહેરનામા બાદ સિવિલમાં અલગથી આઈસોલેશન વોર્ડ પણ તૈયાર કરાયો છે. અહીંના લોકોને ગરમીમાં બહારનું ખાવાનું ટાળવાની અને બપોરના સમયે કામ વગર બહાર ન નીકળવાની નિષ્ણાંતો દ્વારા સલાહ આપવામાં આવી છે.

### ગેરકાયદે કતલખાનાની માહિતી એકત્ર કરવાનો આદેશ આપ્યો છે

# ગાંધીનગર જિલ્લાના તમામ ગામોમાં સર્વે કરવા ડીડીઓનો આદેશ, મંદિર-દેરાસરની નજીક કતલખાના હોવાની ફરિયાદ

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૧૮

ગાંધીનગર જિલ્લામાં ગેરકાયદે કતલખાના ચલાવવામાં આવી રહ્યા હોવાની ફરિયાદો વચ્ચે જિલ્લા વિકાસ અધિકારીએ મહત્વનો નિર્ણય લીધો છે. તેમણે તમામ ગામોમાં ચાલી રહેલા ગેરકાયદે કતલખાનાની માહિતી એકત્ર કરવાનો આદેશ આપ્યો છે.

જિલ્લા પંચાયતના વિપક્ષ નેતા અજીતસિંહ રાઠોડે ડીડીઓને લેખિત રજૂઆત કરી છે.

તેમના જણાવ્યા મુજબ, જામળા ગામમાં અસામાજિક તત્વોએ ગેરકાયદે કતલખાનું શરૂ કર્યું છે. આ કતલખાનાથી આસપાસના ગામોમાં




દહેશતનું વાતાવરણ છે. વિશેષમાં, મંદિર અને દેરાસરોથી માત્ર ૨૦૦થી ૫૦૦ મીટરના અંતરે આ કતલખાના ચાલી રહ્યા છે.

ગત ૧૭ માર્ચે જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં પણ આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. જોકે ત્યારે કતલખાનાની બાબત જિલ્લા પંચાયતના કાર્યક્ષેત્રમાં ન આવતી હોવાનો જવાબ આપવામાં આવ્યો હતો. તાજેતરમાં જામળા ખાતે ડિમોલેશનની કાર્યવાહી કરવામાં આવી છે.

જિલ્લા વિકાસ અધિકારીએ તમામ તાબા હેઠળના અધિકારીઓને સૂચના આપી છે કે તેઓ પોતાના વિસ્તારમાં આવા કતલખાના ચાલે છે કે નહીં તેની તપાસ કરે. સર્વે બાદ જો કોઈ ગેરકાયદે પ્રવૃત્તિ મળી આવશે તો આગામી પગલાં અને સંબંધિત વિભાગોને જાણ કરવા અંગે નિર્ણય લેવામાં આવશે.

# પીએમ મોદી કરણી માતા મંદિરમાં દર્શન કરશે, રેલ્વે મંત્રી અને સીએમ ભજનલાલ પણ તેમની સાથે રહેશે

બિકાનેર,તા.૧૮

ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી રાજસ્થાનના બિકાનેરમાં સ્થિત પ્રખ્યાત કરણી માતા મંદિરની મુલાકાત લેવાના છે. પીએમ મોદી ૨૨ મેના રોજ કરણી માતા મંદિરની મુલાકાત લેશે. આ દરમિયાન કેન્દ્રીય રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવ અને રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા પણ પીએમ મોદી સાથે હાજર રહેશે.

કરણી માતા મંદિર રાજસ્થાનના બિકાનેરથી લગભગ ૩૦ કિલોમીટર દૂર દેશનોક વિસ્તારમાં આવેલું છે. આ મંદિર વિશે એવી માન્યતા છે કે કરણી માતા દેવી દુર્ગાનો અવતાર છે. વર્ષના બંને નવરાત્રિ નિમિત્તે કરણી માતા મંદિરમાં ભારે ભીડ ઉમટે છે. આ



સમય દરમિયાન, કરણી માતાના મંદિરને શણગારીને પણ આ તહેવાર ઉજવવામાં આવે છે.

કરણી માતા મંદિરનું નિર્માણ ૧૫મી સદીની આસપાસ રાજપૂત રાજાઓ દ્વારા કરવામાં આવ્યું હતું. જોધપુર અને બિકાનેર પર શાસન કરનારા રાઠોડ રાજાઓ દ્વારા કરણી માતાની પૂજા કરવામાં આવતી હતી. કરણી માતાને બિકાનેર રાજવી પરિવારની કુળદેવતા માનવામાં આવે છે. એવું પણ માનવામાં આવે છે કે તેમના આશીર્વાદથી જ બિકાનેર અને જોધપુર રજવાડાઓની સ્થાપના થઈ હતી. માહિતી અનુસાર, કરણી માતાનું હાલનું મંદિર ૨૦મી સદીની શરૂઆતમાં બિકાનેર રાજયના મહારાજા ગંગા સિંહ દ્વારા બનાવવામાં આવ્યું હતું.

બિકાનેરમાં સ્થિત કરણી માતા મંદિરને ઉંદરોના મંદિર તરીકે પણ ઓળખવામાં આવે છે. કારણ કે આ પવિત્ર મંદિરમાં લગભગ ૨૦ હજાર કાળા ઉંદરો રહે છે.

સવારે ૫ વાગ્યે મંગળા આરતી અને સાંજે ૭ વાગ્યે આરતી દરમિયાન મંદિરમાં ઉંદરોનું સરઘસ જોવા મળે છે. એવું માનવામાં આવે છે કે જ્યાં મંદિર આવેલું છે, ત્યાં કરણી માતા એક ગુફામાં રહેતી હતી અને તેમના પ્રિય દેવતાની પૂજા કરતી હતી. આ ગુફા હજુ પણ મંદિર પરિસરમાં હાજર છે. આ ઉપરાંત મંદિરના મુખ્ય દરવાજા પર આરસપહાણનું કોતરકામ કરવામાં આવ્યું છે જેને જોવા માટે લોકો દૂર-દૂરથી અહીં આવે છે.

# શાકભાજીની લારી પર વિદેશી દારૂનું વેચાણઃગાંધીનગર સેક્ટર-૭માં ૧૯ વર્ષીય યુવક ૪ બોટલ સાથે ઝડપાયો

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૧૮

ગાંધીનગર સેક્ટર-૭ શોપિંગ સેન્ટરના શાક માર્કેટમાં એક નવો કિસ્સો સામે આવ્યો છે. અહીં શાકભાજીની લારી પર વિદેશી દારૂનું વેચાણ થતું હોવાની બાતમી પોલીસને મળી હતી.

પોલીસે આપેલી માહિતી મુજબ, કોલવડાના રહેવાસી દર્શન રાજુભાઈ રાવળ (ઉંમર ૧૯) શાકભાજીની લારી પર વિદેશી દારૂનું વેચાણ કરતો હતો. સેકટર-૭ પોલીસની ટીમે સત્યાગ્રહ છાવણી વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન આ




બાતમી મેળવી હતી.બાતમીમાં જણાવ્યા મુજબ, સફેદ કલરની અડધી બાયની ટી-શર્ટ અને કાળા કલરની નાઈટી પહેરેલા શખ્સની ઓળખ મેળવી પોલીસે કાર્યવાહી કરી. લારીની તપાસ દરમિયાન એક પ્લાસ્ટિકની થેલીમાંથી વિદેશી દારૂની કુલ ૪ બોટલ મળી આવી. આ દારૂની કિંમત રૂ. ૧,૪૪૦ આંકવામાં આવી છે.પોલીસે આરોપી દર્શન રાવળની ધરપકડ કરી લીધી છે. તે કોલવડામાં રાવળ વાસ, ચોસઠમાના મંદિર પાસે રહે છે. હાલ પોલીસે આ મામલે વધુ તપાસ શરૂ કરી છે.

# અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સે પણ તુર્કીને ઝટકો આપ્યો, તુર્કીની કંપની સેલેબી સાથે ભાગીદારીનો અંત લાવ્યો

વોશિંગ્ટન,તા.૧૭

ભારત વિરુદ્ધ પાકિસ્તાનને તુર્કીના સમર્થનના વિરોધમાં ભારતીયો, ભારતીય ઉદ્યોગપતિઓ અને ભારતીય કંપનીઓ દ્વારા તુર્કીનો બહિષ્કાર સતત વધી રહ્યો છે. હવે નવા એપિસોડમાં, ભારતીય કંપની અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સ પણ આ બહિષ્કારમાં જોડાઈ છે. સુત્રોના જણાવ્યા અનુસાર, કંપનીએ મુંબઈ અને અમદાવાદ એરપોર્ટ માટે તુર્કીની કંપની સેલેબી સાથેનો ગ્રાઉન્ડ હેન્ડલિંગ કન્સેશન કરાર રદ કર્યો છે. ભારતીય કંપનીએ એમ પણ કહ્યું કે સેલેબીને અવિરત કામગીરી સુનિશ્ચિત કરવા માટે તમામ ગ્રાઉન્ડ હેન્ડલિંગ સુવિધાઓ તાત્કાલિક કંપનીને સોંપવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. અહેવાલો અનુસાર, કેન્દ્ર સરકારે તુર્કી એરલાઇન કંપનીની સુરક્ષા મંજૂરી રદ કર્યા પછી આ કન્સેશન કરારો સમાપ્ત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. અદાણી




એરપોર્ટ હોલ્ડિંગ્સ મુંબઈ અને અમદાવાદ એરપોર્ટ તેમજ મેંગલોર, ગુવાહાટી, જયપુર, લખનૌ અને તિરુવનંતપુરમ એરપોર્ટની માલિકી અને સંચાલન કરે છે.

×સેલેબીની સુરક્ષા મંજૂરી રદ કરવાના ભારત સરકારના નિર્ણય બાદ, અમે છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય વિમાનમથક, મુંબઈ અને સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય વિમાનમથક, અમદાવાદ પર સેલેબી સાથેના ગ્રાઉન્ડ હેન્ડલિંગ કન્સેશન કરારો રદ કર્યા છે,× અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સના પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું.

અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સના પ્રવક્તાએ જણાવ્યું હતું કે કંપનીએ કહ્યું છે કે તે તેના દ્વારા પસંદ કરાયેલી નવી ગ્રાઉન્ડ હેન્ડલિંગ એજન્સીઓ દ્વારા કોઈપણ વિક્ષેપ વિના તમામ એરલાઈન્સને સીમલેસ સેવા પૂરી પાડવાનું ચાલુ રાખશે. કંપનીએ જણાવ્યું હતું કે છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય વિમાનમથક અને સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર સેલેબીના તમામ હાલના કર્મચારીઓને તેમની હાલની રોજગાર શરતો અને નિયમો પર નવી ગ્રાઉન્ડ હેન્ડલિંગ એજન્સીઓમાં ખસેડવામાં આવશે. આપણા એરપોર્ટ પર ગ્રાઉન્ડ હેન્ડલિંગ કામગીરી પર કોઈ અસર પડશે નહીં. અમે સેવા અને રાષ્ટ્રીય હિતના ઉચ્ચતમ ધોરણો જાળવવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છીએ.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ** વર્તમાન સમય સફળતાભર્યો રહી શકે છે. બદલાતા વાતાવરણથી સ્વાસ્થ્યનું ધ્યાન રાખો. ઘરમાં નજીકના વ્યક્તિઓ આવવાથી ઉત્સાહભર્યું વાતાવરણ રહી શકે છે.

**વૃષભઃ** તમારા પોઝિટિવ વિચાર તમને સ્વસ્થ રાખશે. ઉતાવળ અને ભાવુકતામાં લીધેલો નિર્ણય ખોટો સાબિત થઇ શકે છે. વ્યવસાય તથા નોકરીમાં કોઇ પ્રકારની રાજનીતિનો સામનો કરવો પડી શકે છે.

**મિથુનઃ** પાર્ટનરશિપને લગતા વ્યવસાયમાં પારદર્શિતા જાળવી રાખો. લક્ષ્ય પ્રાપ્તિમા કોઇ નજીકના સંબંધીનો પણ સહયોગ પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિમાં પણ થોડી ભાગદોડ શક્ય છે. પારિવારિક જીવનમાં કોઇ વિવાદ થઇ શકે છે.

**કર્કઃ** તમારા વ્યક્તિગત કાર્યોમાં કોઇ બહારના વ્યક્તિને સામેલ ન કરો. સ્વાસ્થ્ય સારું રહેશે. કોઇ જૂના મિત્ર સાથે મુલાકાત થઇ શકે છે. કાર્યક્ષેત્રમાં તમારી હાજરી તથા એકાગ્રતા ખૂબ જ જરૂરી રહેશે.

**સિંહઃ** આજે મોટાભાગનો સમય માર્કેટિંગ તથા બહારની ગતિવિધિઓને પૂર્ણ કરવામાં જ પસાર થશે. સ્વાસ્થ્યને લગતી સમસ્યામાંથી રાહત મળી શકે છે. આર્થિક સ્થિતિને મજબૂત કરવાની તમારી કોશિશ સફળ રહેશે.

**કન્યાઃ** પતિ-પત્ની વચ્ચે રોમેન્ટિક સંબંધ રહી શકે છે. ઘરમાં કોઇ વાતને લઇને વાતાવરણ ખરાબ થઇ શકે છે. તમારા આત્મવિશ્વાસ અને કાર્યક્ષમતામાં વધારો થઇ શકે છે. જરૂરી કાર્યોમાં થોડા વિઘ્નો આવી શકે છે.

**તુલાઃ** પતિ-પત્ની વચ્ચે સંબંધ ગાઢ બનશે. ધૈર્યપૂર્વક પરિસ્થિતિઓને પોઝિટિવ બનાવો. સંબંધને મજબૂત જાળવી રાખવામાં તમારી કોશિશ મહત્ત્વની રહેશે. જૂની પ્રોપર્ટીની ખરીદી કે વેચાણને લગતી મહત્ત્વપૂર્ણ ડીલ થવાની શક્યતા છે.

**વૃશ્ચિકઃ** વ્યવસાયિક ગતિવિધિઓ આજે મંદ જ રહેશે. ઉતાવળ અને ભાવુકતામાં લીધેલો નિર્ણય ખોટો સાબિત થઇ શકે છે. પારિવારિક સભ્યો સાથે સમય પસાર કરશો.

**ધનઃ** વ્યવસાયિક વ્યવસ્થામાં સુધાર આવશે. છેલ્લાં થોડા સમયથી ચાલી રહેલી તમારી કોશિશમાં સફળતા મળવાના યોગ બની રહ્યા છે. ઘરનું વાતાવરણ પોઝિટિવ રહી શકે છે. આર્થિક સ્થિતિમાં કોઇ પ્રકારની દોડભાગ થઇ શકે છે.

**મકરઃ** આ સમયે ગ્રહ ગોચર તથા ભાગ્ય વ્યવસાયિક દ્રષ્ટિએ તમારા પક્ષમાં છે. આજે કોઇપણ પ્રકારની યાત્રા ન કરો. પારિવારિક સભ્યોની વચ્ચે યોગ્ય તાલમેલથી ઘરની ઊર્જા પોઝિટિવ રહેશે.

**કુંભઃ** અન્યના માલમે કોઇપણ પ્રકારની દખલ ન કરો. દિવસની શરૂઆતમાં થોડી કારોબારી સમસ્યા તથા પરેશાનીઓ આવશે. જીવનસાથી પાસેથી વધારે આશા રાખવી એકબીજા સાથેના સંબંધોમાં અંતર વધારી શકે છે.

**મીનઃ** વ્યવસાયિક દ્રષ્ટિએ સમય ધનદાયક રહી શકે છે. સંયુક્ત પરિવારમાં થોડા વાદ-વિવાદની સ્થિતિ બની શકે છે. કોઇ મહત્ત્વપૂર્ણ કામ બનવાથી મનમાં પ્રસન્નતા રહેશે. પારિવારિક જીવન સુખદ રહી શકે છે.

## ફિલ્મી ગપશપ

### મૃત્યુની આગલી રાત્રે દિવ્યા ભારતી ઉદાસ હતી!

## ૪ એપ્રિલે ગુડ્ડી મારુતિની પાર્ટીમાં વારંવાર કહેતી રહી- આઉટડોર નથી જવું

હિન્દી સિનેમાની ફેમસ એક્ટ્રેસ દિવ્યા ભારતીનું જીવન જેટલું ગ્લેમરસ હતું તેટલું જ રહસ્યમય પણ હતું. તેમના મૃત્યુના વર્ષો પછી પણ, તેમનું નામ આવતા જ લોકોની આંખો ભીની થઈ જાય છે. થોડા દિવસો પહેલા, એક્ટ્રેસ ગુડ્ડી મારુતિએ દિવ્યા ભારતીને યાદ કર્યા અને તેમની સાથે વિતાવેલી ક્ષણો શેર કરી.સિદ્ધાર્થ કન્નનને આપેલા ઈન્ટરવ્યૂમાં ગુડ્ડી મારુતિએ કહ્યું હતું કે- દિવ્યા ભારતી એક જીવંત અને બેફિકર છોકરી હતી. ગુડ્ડી મારુતિએ કહ્યું- 'એક માણસ તરીકે તે ખૂબ જ સારી છોકરી હતી, પણ કદાચ થોડી તણાવમાં રહેતી હતી. મને તેના બાળપણ કે તેની ઉંમર વિશે વધુ ખબર નથી, પણ કંઈક એવું હતું જે તેને અંદરથી પરેશાન કરી રહ્યું હતું.'



ગુડ્ડી મારુતિએ કહ્યું, જ્યારે 'શોલા ઔર શબનમ' બની રહી હતી, ત્યારે તે સાજિદ નડિયાદવાલા સાથે હતી. ગોવિંદા, દિવ્યા, સાજિદ, ડેવિડ અને અમે બધા ૪ એપ્રિલે મારા જન્મદિવસ પર વાંગ ચૂમાં પાર્ટી કરી રહ્યા હતા. બહારથી બધું બરાબર દેખાતું હતું, પરંતુ અંદરથી મને લાગ્યું કે તે (દિવ્યા) ખૂબ જ ઉદાસ હતી. તે વારંવાર કહી રહી હતી કે તે આઉટડોર શૂટિંગ માટે જવા માંગતી નથી, પરંતુ સાજિદે કહ્યું કે- જો નિર્માતા પ્રત્યે પ્રતિબદ્ધતા હોય, તો તેણે જવું પડશે. બીજા દિવસે 'દુલારા'નું શૂટિંગ હતું.'

ગુડ્ડી મારુતિએ આગળ કહ્યું- 'બધું ૫ એપ્રિલની રાત્રે થયું. ૬ એપ્રિલની સવારે મારી કુલ્લુ-મનાલીની ફ્લાઈટ હતી. હું ફ્લાઈટમાં રતન જૈન (ફિલ્મ નિર્માતા)ને મળી. તેમણે કહ્યું- દિવ્યા... સાંભળ્યું? તે હવે નથી રહી.× મને આઘાત લાગ્યો. મેં કહ્યું- તમે શું કહી રહ્યા છો? તેમણે મને કહ્યું કે- બધું ગઈ રાત્રે થયું. પછી જ્યારે હું દિલ્હી એરપોર્ટ પર ઊતરી, ત્યારે મેં ઘરે ફોન કરીને મારા પતિ (જે તે સમયે મારા મિત્ર હતા)ને કહ્યું કે કંઈક અજુગતું થયું છે, ચાલો જોઈએ શું થાય છે. પછી તે કૂપર હોસ્પિટલમાં ગયા અને તેને મળ્યો... બધું ખૂબ જ દુઃખદ હતું.'

ગુડ્ડી મારુતિએ એમ પણ કહ્યું, ×એક દિવસ, તે પાંચ માળની ઈમારત હતી. રાત્રે, મેં ઉપર જોયું તો દિવ્યા પાંચમા માળની બાઉન્ડ્રી પર બેઠી હતી, તેના પગ નીચે લટકતા હતા. મેં ઉપર જોયું અને ચોંકી ગઈ અને દિવ્યાને કહ્યું- તું શું કરી રહી છે, અંદર આવ, પણ તેણે કહ્યું કે- કંઈ નથી થયું. દિવ્યાને ઊંચાઈથી ડર નહોતો.×

ગુડ્ડી મારુતિએ એમ પણ કહ્યું કે દિવ્યા ભારતીએ તેને મજાકમાં વીંટી આપી હતી. ગુડ્ડી મારુતિએ કહ્યું, ''એક દિવસ તેણે મને તેની હિરા પન્ના જેવી વીંટી આપી અને કહ્યું, 'આ પહેરી લે, તારા જલ્દી લગ્ન થઈ જશે.' તે સમયે મારા લગ્ન નહોતા થયા.

### પાક.ડમી વિમાનને રાફેલ સમજી બેઠું હતું

# ભારતે ડમી વિમાન મોકલી પાકિસ્તાનની આંખમાં ધૂળ નાખી તબાહી બોલાવેલી

નવીદિલ્હી,તા.૧૭

ભારત અને પાકિસ્તાન વચ્ચેના તણાવ દરમિયાન, ભારતીય વાયુસેનાએ ઓપરેશન સિંદૂરમાં એક અનોખી અને ચતુરાઈભરી રણનીતિ અપનાવી. ૯-૧૦ મેની રાત્રે, આઈએએફ એ માનવરહિત ડ્રોન (યુએવી) નો ઉપયોગ કર્યો જે સુખોઈ-૩૦ અને એમઆઈજી-૨૯ જેવા ફાઈટર જેટ જેવા દેખાતા હતા.




સામાન્ય રીતે ભારતીય દળો તેમના મિસાઈલ પરીક્ષણો દરમિયાન તેમના લક્ષ્યો પર તેનો ઉપયોગ કરે છે. આ નકલી વિમાનોએ પાકિસ્તાન વાયુસેના અને તેની હવાઈ સંરક્ષણ પ્રણાલીને ભ્રમમાં મૂકી દીધા હતા. જેના કારણે ભારતને ૧૧ પાકિસ્તાની એરબેઝ પર સચોટ હુમલા કરવાનો મોકો મળ્યો હતો.

ઓપરેશન સિંદૂરમાં, ભારતે તા.૬ થી ૧૦ મે દરમિયાન પાકિસ્તાની આતંકવાદી ઠેકાણાઓ અને નૂર ખાન, સરગોધા અને ભોલારી એરબેઝ જેવા લશ્કરી સ્થાપનો પર હુમલો કર્યો હતો.

આ હુમલાઓમાં ૧૫ બ્રહ્મોસ મિસાઈલોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેના કારણે પાકિસ્તાનના હવાઈ સંરક્ષણને ભારે નુકસાન થયું હતું. પરંતુ આ હુમલાઓની સફળતા પાછળનું રહસ્ય આઈએએફ ની નવી રણનીતિ હતી, જેમાં નકલી ડ્રોનનો ઉપયોગ વિમાનોની જેમ કરવામાં આવતો હતો.

આઈએએફ એ માનવરહિત ડ્રોનને એવી રીતે ડિઝાઈન કર્યા છે કે તેઓ રડાર અને ઈન્ફ્રારેડ સિગ્નલોમાં સુખોઈ-૩૦એમકેઆઈ અને એમઆઈજી-૨૯ જેવા ફાઈટર એરક્રાફ્ટ જેવા દેખાય છે. આ ડ્રોન પાકિસ્તાનની હવાઈ સંરક્ષણ પ્રણાલી માટે ખરેખર ખતરો હોય તેવું લાગતું હતું. આ યુક્તિ નીચેની રીતે કામ કરતી હતી

આ નકલી ડ્રોનથી પાકિસ્તાનની ચીની એચક્યુ-૯ મિસાઈલ સિસ્ટમ સક્રિય થઈ. પીએએફ ફાઈટર વિમાનોને ખોટી જગ્યાએ મોકલવામાં આવ્યા હતા. આનાથી પાકિસ્તાનના રડાર અને કમાન્ડ સેન્ટરની સ્થિતિ ખુલ્લી પડી ગઈ હતી.

# લાલુ યાદવને પોતાનો ઉત્તરાધિકારી બનાવવો જોઈતો હતો, બિહારના મંત્રી જીવેશ કુમાર

પટણા,તા.૧૮



હાજીપુર પહોંચેલા બિહાર સરકારના મંત્રી જીવેશ કુમારે તેજ પ્રતાપ યાદવને લઈને મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે તેજ પ્રતાપ દેશના વડા પ્રધાનને અપીલ કરી રહ્યા છે કે તેમને સરહદ પર જઈને પાકિસ્તાન સામે યુદ્ધ લડવાની મંજૂરી આપવામાં આવે. તેજ પ્રતાપ એક લડવૈયા છે અને તે ટૂંક સમયમાં પોતાના પક્ષમાં પોતાના હકો માટે લડશે. રાષ્ટ્રીય જનતા દળ એ ભાઈ-બહેનોનો પક્ષ છે અને તેનો સાચો વારસદાર કોણ છે? તેજ પ્રતાપ યાદવ ખરા વારસદાર છે.

મંત્રી જીવેશ કુમારે કહ્યું, ‘‘વર્ષોથી, રાજાઓ અને મહારાજાઓના સમયથી, પરિવારનો યુવરાજ (વારસદાર) કોણ હતો? તે ઘરના મોટા દીકરાને યુવરાજ (વારસદાર) બનાવવામાં આવ્યો હતો. રાષ્ટ્રીય જનતા દળનો વાસ્તવિક વારસદાર કોણ છે? તેજ પ્રતાપ યાદવ સાથે લાલુ પરિવાર દ્વારા દગો કરવામાં આવ્યો છે. તેજ પ્રતાપ યાદવને હાંસિયામાં ધકેલી દેવામાં આવ્યા છે. તે સક્ષમ નેતૃત્વ ધરાવતો વ્યક્તિ છે. તેમણે લાલુ યાદવને પોતાનો ઉત્તરાધિકારી બનાવવો જોઈતો હતો. લાલુ યાદવના પરિવારે તેમની સાથે દગો કર્યો છે. આજે નહીં તો કાલે તેજ પ્રતાપ યાદવે મેદાનમાં આવીને પોતાના હકની માંગણી કરવી પડશે.’’

મંત્રીએ કહ્યું કે દિનકરે લખ્યું છે કે, ‘પોતાના હક ગુમાવ્યા પછી ખાલી બેસી રહેવું એ મોટો ગુનો છે.’ ન્યાય ખાતર પોતાના ભાઈને પણ સજા કરવી એ વ્યક્તિનું કર્તવ્ય છે. કૌરવો અને પાંડવો વચ્ચે કોઈ ઉદ્દેશ્ય માટે યુદ્ધ થયું જેના કારણે ભવ્ય ભારતનું સ્વપ્ન સાકાર થયું. તેથી, આજે નહીં તો કાલે, તેજ પ્રતાપે પોતાના ઘરની અંદર, પોતાના અધિકારો માટે, પોતાની માંગણીઓ માટે, પોતાના વ્યક્તિત્વ માટે યુદ્ધ લડવું પડશે. યુદ્ધ એ પોતાના હક્કો માટેનો સંઘર્ષ છે. જેમ કૌરવો અને પાંડવો વચ્ચે એક વાર બન્યું હતું, તેવી જ રીતે તેજ પ્રતાપ યાદવે આ યુગમાં પોતાને સ્થાપિત કરવા માટે પણ એવું જ કરવું પડશે. હવે તે કેટલો સમય વિલંબ કરે છે તે તેના પર નિર્ભર છે. અમે આવું કંઈ થાય તેવું ઈચ્છતા નથી. કૌરવો અને પાંડવો કોણ હશે તે આપણે જાણતા નથી, આ તેજ પ્રતાપે નક્કી કરવાનું છે.તેજસ્વી યાદવ દ્વારા પાકિસ્તાનમાં તિરંગા યાત્રા કાઢવાના પ્રશ્ન પર બિહાર સરકારના મંત્રીએ કહ્યું કે તેમણે આગળ વધવું જોઈએ, અમે તેમની સાથે છીએ. અમે તેમની સાથે પાકિસ્તાન જઈશું, પાર્ટી લાઇન તોડીને. મને ખબર નથી કે કોણ જશે અને કોણ નહીં, પણ હું ચોક્કસ જઈશ.

# પક્ષ બદલનારા કૃતધ્ન અને વિશ્વાસઘાતી છે, તેઓ ક્યારેય ચૂંટણી જીતી શકશે નહીં, અખિલેશ યાદવ

અમેઠી,તા.૧૭

સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવ શુક્રવારે અમેઠી પહોંચ્યા. તેમણે સપા નેતા ઝહૂર અહેમદને તેમના નિવાસસ્થાને મળ્યા અને પ્રાદેશિક પરિસ્થિતિ વિશે પૂછપરછ કરી. આ પછી, તેઓ મુસાફિરખાનાના રામરાયપુર સ્થિત સપા જિલ્લા પ્રમુખ રામ ઉદિત યાદવના ઘરે પણ પહોંચ્યા અને પાર્ટીના કાર્યકરો સાથે વાતચીત કરી. અમેઠીની મુલાકાતે આવેલા પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવે ભાજપ પર જોરદાર નિશાન સાધ્યું. તેમણે પક્ષના બળવાખોરોને પણ આડે હાથ લીધા.


અખિલેશ યાદવે કહ્યું કે અમેઠીના જે લોકોએ પક્ષ બદલ્યો છે તેઓ ૩ કારણોસર ફરી ક્યારેય જીતી શકશે નહીં. પહેલું- કૃતધ્નતા, બીજું- વિશ્વાસઘાત અને ત્રીજું કારણ એ છે કે તે એવી પાર્ટીમાં જોડાયો છે જે તેના પોતાના લોકોની નજીક નથી. પાર્ટી હોપર્સનું શું થશે? આવા લોકોએ પોતે જ પોતાની રાજકીય સંભાવનાઓ પર પૂર્ણવિરામ મૂકી દીધો છે.

અમેઠીમાં ભાજપની સક્રિયતા પર કટાક્ષ કરતા, સપા પ્રમુખે કહ્યું કે અમેઠીમાં ભારતીય જનતા પાર્ટી ગાયબ છે.

જનતા હવે તેમને ઓળખી ગઈ છે. બળવાખોર સપા ધારાસભ્યનું નામ લીધા વિના, તેમણે પ્રતિક્રિયા આપતા કહ્યું કે પાર્ટી-હોપર અને કૃતધ્ન લોકો કોઈના નથી. હવે કોઈપણ પક્ષમાંથી ટિકિટ મળવાની તેમની આશાનો અંત આવી ગયો છે. ભાજપ જેવા પક્ષો પણ આવા લોકોને દત્તક લેવામાં અચકાય છે.

# પાકિસ્તાનના કેટલાક નેતાઓને ડર છે કે યુદ્ધવિરામનો ભંગ થઈ શકે છે

ઈસ્લામાબાદ,તા.૧૭




ઓપરેશન સિંદૂરની સમગ્ર વિશ્વમાં પ્રશંસા થઈ રહી છે. આ કાર્યવાહી દરમિયાન ભારતે પાકિસ્તાનના ઘણા એરબેઝ અને રડાર સિસ્ટમનો નાશ કર્યો. આ પછી, ઘૂંટણિયે પડી ગયેલા પાકિસ્તાને ભારત સમક્ષ યુદ્ધવિરામનો પ્રસ્તાવ મૂક્યો. દરમિયાન, કેટલાક પાકિસ્તાની નેતાઓ ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધવિરામના ભંગાણ અંગે ચિંતિત છે. ખરેખર, પાકિસ્તાન પીપલ્સ પાર્ટીના વડા બિલાવલ ભુટ્ટોએ પાકિસ્તાની મીડિયાને એક ઈન્ટરવ્યુ આપ્યો હતો. આ મુલાકાતમાં તેમણે ચિંતા વ્યક્ત કરી છે કે જો યુદ્ધવિરામ ભંગ થશે તો શું થશે. બિલાવલ ભુટ્ટોએ યુદ્ધવિરામ જાળવવાના સંદર્ભમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, પીએમ નરેન્દ્ર મોદી અને પાકિસ્તાનના પીએમ શાહબાઝ શરીફ માટે આ એક કસોટીનો સમય પણ ગણાવ્યો છે.

બિલાવલ ભુટ્ટોએ કહ્યું, ‘વાસ્તવિકતા એ છે કે અમે યુદ્ધવિરામ જાળવી રાખ્યો છે. હાલમાં યુદ્ધવિરામ લાગુ છે અને તે એક મોટી સફળતા છે. પાકિસ્તાન શાંતિ અને સુલેહ-શાંતિ ઈચ્છે છે. પરંતુ ભારતના આંતરિક રાજકારણને કારણે, ભારત તરફથી આવી રહેલા નિવેદનોથી આપણને ભય લાગી રહ્યો છે કે આ યુદ્ધવિરામ ચાલુ રહેશે નહીં. તે તૂટી જશે. તે ખૂબ જ ખતરનાક હશે. ફક્ત આપણા બે દેશો માટે જ નહીં પરંતુ સમગ્ર વિશ્વ માટે. આ સમયે આ એક મોટી કસોટી છે. અમે રાષ્ટ્રપતિ ટ્રમ્પ, પીએમ શાહબાઝ શરીફ અને પીએમ નરેન્દ્ર મોદી માટે પ્રાર્થના કરીએ છીએ કે આ બધી કસોટીઓ પાસ થાય.

**પાકિસ્તાનના પીએમ શાહબાઝ શરીફે દેશના પંજાબ પ્રાંતની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે ભારત અને પાકિસ્તાન વચ્ચેના લશ્કરી સંઘર્ષમાં સામેલ અધિકારીઓ અને સૈનિકો સાથે વાતચીત કરી.**

પાકિસ્તાનના પીએમ શાહબાઝ શરીફે દેશના પંજાબ પ્રાંતની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે ભારત અને પાકિસ્તાન વચ્ચેના લશ્કરી સંઘર્ષમાં સામેલ અધિકારીઓ અને સૈનિકો સાથે વાતચીત કરી. શાહબાઝ શરીફે અહીં કહ્યું કે અમે શાંતિ માટે ભારત સાથે વાત કરવા તૈયાર છીએ. શરીફની સાથે નાયબ વડા પ્રધાન ઈશાક ડાર, સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફ અને આર્મી ચીફ જનરલ અસીમ મુનીર પણ હતા. પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે ભારત સાથે વાતચીત અને શાંતિની શરતોમાં કાશ્મીર મુદ્દાને સામેલ કરવાની વાત કરી છે. તમને જણાવી દઈએ કે ભારતે લાંબા સમયથી આખી દુનિયાને સ્પષ્ટ કરી દીધું છે કે જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ કેન્દ્રશાસિત પ્રદેશો ભારતના અભિન્ન અંગ હતા, છે અને રહેશે.

# તીર્થ યાત્રા તેની સફળ થાય કે, જે તીર્થ જેવો પવિત્ર થઈને ઘરે આવે છે.



**યશપાલસિંહ ટી.વાઘેલા**

**દરબાર ગઢ થરા**




આજે સોમવારે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો પાપનો બાપ છેલોભ અને પાપની મા છે મમતા લોભ અને મમતા પાપ કરાવે છે. દુર્યોધનને કાને વાત આવી કે, વિદુર કાકા અમારી વિરુદ્ધ વાતો કરતા હતા.તરત દુર્યોધને વિદુરજીને સભામાં બોલાવી એમનું અપમાન કર્યું.

યક્ષ-યુધિષ્ઠિર સંવાદમાં યક્ષે પ્રશ્ન કર્યો કે, કાયમનો નરકમાં કોણ પડે છે?ત્યારે યુધિષ્ઠિર કહે છેકે, આમંત્રણ આપે અને તેનું અપમાન કરે તે કાયમ માટે નરકમાં પડે છે.

દુર્યોધન વિદુરજીને કહે છે,તું દાસી પુત્ર મારું જ અન્ન ખાઈને મારી નિંદા કરે છે?મારા ઘરનું ખાઈ મારી વિરુદ્ધ કામ કરે છે?

વિદુરજી એવા ધીર ગંભીર છેકે, તે નિંદા સહન કરે છે. સભામાં નિંદા સહન કરેતે સંત.સમર્થ હોવા છતાં જે સહન કરે તે સંત.તે ભગવાનનો અવતાર છે. વિદુરજીમાં એવી શક્તિ હતી કે,આંખ ઊઘાડીને દુર્યોધન સામે જુએતો દુર્યોધન બળીનેખાક થાય. પણ વિદુરજી તે શક્તિનો ઉપયોગ કરતા નથી. શક્તિનો દુરુપયોગ કરે તે દૈત્ય. સંપત્તિ અને સમયનો વિવેકપૂર્ણ ઉપયોગ કરે છે એ દેવ. તમે ખૂબ સહન કરશો તો સંત થશો.કેટલીક સાસુઓ વહુઓ ઉપર જુલમ કરે છે. તે કહે છે કે, હું વહુ કરતાં મોટી એટલે તેને હુકમ કરવાનો હક્ક છે.વિચાર કરો વહુ કરતા સાસુ મોટી નથી. બંને સમાન વયનાં છે.સાસુ-વહુનો એક જ દિવસે સાથે જન્મ થયો છે.જે દિવસે એક વહુ બની તે જ દિવસે બીજી સાસુ બની છે. કોઈ જીવને અવગણશો નહીં.

વિદુરજીએ જેવું બાર વર્ષ તપ કર્યું તે પ્રમાણે કરશો,તો સહન કરવાની શક્તિ આવશે.અતિ સાત્ત્વિક આહાર જેનો હશે તે સહન કરી શકશે.સાત્ત્વિકઆહાર વિનાસહન શક્તિ આવતી નથી. વિદુરજી બાર વર્ષ ભાજી ઉપર રહ્યા છે.તમે બાર મહિના ભાજી ઉપર રહેશો તો સહન કરવાની શક્તિ આવશે. તેલ મરચાં ખૂબ ખાય તો સ્વભાવ મરચાં જેવો થશે.આ જીવનો એવો સ્વભાવ છેકે,એને જે મળ્યું છેતેમાં સંતોષ નથી. વિદુરજીએ તાંદળજાની ભાજીમાં સંતોષ માની ઈશ્વરનું આરાધન કર્યું છે.અપમાનથી વિદુરજી ગ્લાનિ પામતા નથી. સભામાં દુર્યોધને વિદુરજીનું અપમાન કર્યું તેમ છતાં ગુસ્સે થયા નથી. વિદુર કાકાએ એકલી ભાજી ખાધેલીને? જીવનમાં સુખી રહેવું હોયતો‘કમ ખાઓ અને ગમખાઓ મનુષ્યને બધું ખાતાં આવડે છે, ફક્ત ગમ ખાતાં આવડતું નથી.

તમારી કોઈ નિંદા કરે તો તમે નિંદા શાંતિથી સહન કરજો. માનજો કે નિંદક મારા દોષનું મને ભાન કરાવે છે,મારા પાપને તે ધૂએ છે.કેટલાક ને નિંદા કર્યા વગર ખાધેલું પચતું નથી. આ દુનિયાએ નિંદા કર્યા વગર કોઈને છોડયો નથી. નિંદા કરનાર ઉપર ક્રોધ ન કરવો. નિંદા સાંભળીને તેમાં પણ ઈશ્વરનો શુભ સંકેત માનવો.વિદુરનું અપ માન કરવામાં આવ્યું તો પણ તેમાં તેઓ પ્રભુની કૃપાનો અનુભવ કરાવે છે.

વિદુરજી કહે છે કે, દુર્યોધન મારી નિંદા કરતો નથી, પણ દુર્યોધનના અંતરમાં રહેલા નારાયણ મને કહે છે કે,કૌરવોનો કુસંગ તું છોડી દે. મહાપુરુષ નિંદામાંથી પણ સાર કાઢે છે.સારી વસ્તુમાં સારું દેખાય એ સાધારણ વૈષ્ણવ, પણ જેને ખરાબમાં પણ સારું તત્ત્વ દેખાય એ ઉત્તમ વૈષ્ણવ છે. પ્રતિકૂળ પરિસ્થિતિમાં વૈષ્ણવ પ્રભુનો અનુગ્રહ જ જુએ છે. કૌરવોના મંડળમાં વિદુરજી વિરાજે તો કૌરવોનો વિનાશ થાય નહીં એટલે પ્રભુ વિદુરજીને ત્યાંથી જવાની પ્રેરણા કરે છે.

રામાયણમાં રાવણે વિભિષણનું અને ભાગવતમાં દુર્યોધને વિદુરજી નું અપમાન કરેલું.આ પ્રમાણેસંતો ના અપમાનથી તેઓનો નાશ થયો ઘરમાં એકાદ પુણ્યશાળી માણસ હોય,તો તે ઘરના માણસો નું કોઈ અહિત કરી શકતું નથી. વિદુરના જવાથી કૌરવોનો નાશ થયો.વિભિષણના જવાથીલંકાના રાક્ષસોનો નાશ થયો. દુર્યોધને નોકરોને હુકમ કર્યો કે,આ વિદુર જીને ધક્કો મારી ને બહાર કાઢો સેવકો ધક્કો મારી બહાર કાઢે તે પહેલાં વિદુરજીએ સમજીને ઘરનો ત્યાગ કર્યો. વિદુર જી છત્રીસ વર્ષ સુધી યાત્રા કરવા માટે નીકળ્યા છે, પણ સાથે કાંઈ લીધું નથી. આજકાલ તો લોકો છત્રીસ દિવસ અરે, છત્રીસ કલાક ની જાત્રાએ નીકળે તો છત્રીસ ચીજવસ્તુઓ સાથે પોતાની જરૂરિયાતનું મોટું હતી કાળજી રાખે છે. જરૂરિયાત ઓછી કરો તો પાપ ઘટશે અને જો જરૂરિયાત વધારશો તો પાપ વધશે. પ્રાપ્ત સ્થિતિમાં અસંતોષ મનુષ્યને પાપ કરવા પ્રેરે છે. તેથી તા કહ્યું છેકે,પાપના બાપ લોભ છે જે કોઈ પાપ કરતો નથી તે મહાન પુણ્ય કરી રહ્યો તેથી ઈન્દ્રિયોને પ્રતિકૂળ વિષયોમાંથી હટાવી અનુકૂળ વિષયમાં જોડી દેવી એનું નામ યાત્રા તીર્થ યાત્રા તેની સફળ થાય કે,જે તીર્થ જેવો પવિત્ર થઈને ઘરે આવે છે. બાકી તો અનેકવાર પાપ ભેગું કરીને મનુષ્ય જાત્રામાંથી આવે છે માટે યાત્રા વિધિપૂર્વક કરવી. યાત્રા ઉપર જતાં પહેલાં આજથી હું બ્રહ્મચર્ય પાળીશ,આજથીક્રોધ નહીં કરું,આજથી જૂઠું નહીંબોલું આજથી વ્યર્થ ભાષણ નહીં કરું. એવી પ્રતિજ્ઞાઓ કરવી પડે છે. આવી પ્રતિજ્ઞાઓ લીધા પછી જાત્રાની શરૂઆત કરવી જોઈએ. આજકાલ તો પૈસા ખૂબ વધે એટલે પૈસાદાર લોકો જાત્રાને બહાને ફરવા નીકળી પડે છે. એવી રીતે તો કાગડો પણ કાશી અને મથુરા જઈ આવતો હશે.

તીર્થયાત્રામાં બ્રાહ્મણોની નિંદા ન કરો. બ્રાહ્મણ પ્રત્યે સદભાવ ન હોય તો તીર્થયાત્રા ફળતી નથી. ગુરુનું અપભ્રંશ છે ગોર. તીર્થના ગોરને નોકર ગણો.તીર્થમાં વિધિ પૂર્વક સ્નાન કરો. મહાપ્રભુજી દુઃખથી બોલ્યા છે કે, અતિશય વિલાસી અને પાપી લોકો તીર્થમાં રહેવા લાગ્યા,તેથી તીર્થનો મહિમા લુપ્ત થયો.યાત્રા કરવા નીકળ્યો ત્યારે વિદુરજી સાથે શું લઈ ગયેલા? કાંઈ નહીં. ફક્ત કૌરવોનું પુણ્ય લઈને નીકળ્યા છે. કૌરવોનું જેટલું પુણ્ય હતું તે લઈને ગયા છે કારણ કૌરવોએ તેનું અપમાન નિંદા કરેલાં તમારી કોઈ નિંદા કરે અનેતે સહન કરશો તો તમારું પાપ તેના માથે જશે અને તેનું પુણ્ય તમને મળશે. જે દિવસે જે તીર્થમાં જાવ ત્યાં ઉપવાસ કરજો ઉપવાસ કરવાથી શરીરની શુદ્ધિ થાય છે,પાપ બળે છે, શરીરમાં સાત્ત્વિક ભાવ જાગે છે. વિદુરજી દરેક તીર્થમાં ઉપવાસ કરે છે અને વિધિપૂર્વક સ્નાન કરે છે.યાત્રા કેવી રીતે કરવી તે વિદુર જીએ બતાવ્યું છે.યાત્રાએ નીકળેલા વિદુરજી અવધૂત વેષમાં પૃથ્વી ઉપર ફરતા હતા કે જેથી સગાં સંબંધીઓ તેમને ઓળખે નહીં. તેઓ શરીરને શણગારતા ન હતા. પવિત્ર અને થોડું ભોજન કરતા,પ્રત્યેક તીર્થમાં સ્નાન કરતા, ભૂમિ ઉપર શયન કરતા,અને ભગવાનને પ્રસન્ન કરનારાં વ્રતો તેઓ કરતા સંતો તીર્થો ને પાવન કરે છે.ભારદ્વાજ મુનિ ગંગા સ્નાન કરવા આવે ત્યારે ગંગાજી પચીસ પગથિયાં ઉપર આવે છે. ગંગાજી જાણે છે કે બીજાઓ મારામાં પાપ નાખવા આવે છે, ત્યારે આ મુનિ પાવન કરવા આવે છે.તીર્થયાત્રાએ જવું છે?તો જાઓ! દ્વારિકાધીશનાં દર્શન કરજો.બેટ દ્વારિકાની ભગવાનની મૂર્તિ મનોહર છે. સ્વરૂપ અદ્ભુત છે.જોતાં મન ધરાતું નથી. કાશીનું માહાત્મ્ય પણ ઘણું છે. કાશીના પ્રમુખ દેવ છે ભૈરવનાથ. વિશ્વેશં માધવં ઢુંઢિ દંડપાણિ ચ ભૈરવમ્ ? આ શ્લોક રોજ બોલે તો કાશીમાં રહ્યાનું ફળ મળે છે. કાશીમાં નવ માસ રહે તો પુનર્જન્મ થતો નથી. કાશીના મણિકર્ણિકા ઘાટ ઉપર આ શ્લોક લખ્યો છે. અહીં મરણ મંગલ છે.

અહીં જીવન સફળ છે. સ્મશાનએ જ્ઞાન ભૂમિ છે. દિવસમાં બેચાર વખત સ્મશાનને યાદ કરશો તો બુદ્ધિમાં ફેર પડશે. કલ્પના કરો, હું કાશીમાં છું. અહીં મનથી જ ગંગાજીમાં ડૂબકી મારો. કળિયુગમાં મનથી સત્કર્મ કરે તો પણ પુણ્ય મળે છે.

વાચક ચાહક મિત્રો, સૌને જય માતાજી કેટલાક દેશમાં કોરોના નો કહેર વધી રહયો હોવાની વિગતો બહાર આવી રહી છે ત્યારે આપણે સલામત રહીએ તેવી પ્રાર્થના સહ અસ્તુ.

## યાત્રાધામ અંબાજી દર્શન કરી પરત ફરતા પાટણના પરિવારનો અકસ્માત

# સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતાં કાર ત્રણવાર પલટી ખાઈ ૫૦ ફૂટ દૂર ખેતરમાં ઊંધી થઈ ગઈ; કારમાં સવાર પાંચ લોકોનો આબાદ બચાવ








(ગરવી તાકાત) પાલનપુર તા.૧૮

અંબાજી અને દાંતા ફોરલેન હાઈવે માર્ગ પર પાનસા પેટ્રોલ પંપ નજીક એક ગંભીર અકસ્માત સર્જાયો છે. પાટણનો એક પરિવાર અંબાજી માતાજીના દર્શન માટે જઈ રહ્યો હતો ત્યારે આ ઘટના બની.

અકસ્માત એ સમયે થયો જ્યારે અન્ય એક વાહન ચાલકે નજીકથી પોતાની ગાડી પસાર કરી. આ દરમિયાન કાર ચાલકે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતાં કાર સીધી ખેતરમાં ઘૂસી ગઈ. કાર ત્રણ વખત પલટી ખાઈને રોડથી ૫૦ ફૂટ દૂર ખેતરમાં ઊંધી થઈ ગઈ.

કારમાં સવાર પાંચેય લોકોનો આબાદ બચાવ થયો છે.

તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી અને તમામ ઘાયલોને સારવાર માટે અંબાજી આદ્યશક્તિ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા. પરિવારમાંથી એક બાળકીને સામાન્ય ઈજાઓ થઈ છે, જ્યારે અન્ય સભ્યો સુરક્ષિત છે.

## હિંમતનગરમાં એસટી બસ અને રીક્ષા વચ્ચે ભયાનક અકસ્માત

# રીક્ષા ચાલક અને મહિલા મુસાફરનું ઘટનાસ્થળે મોત, બે મહિલા ગંભીર

(ગરવી તાકાત) હિંમતનગર તા.૧૮

હિંમતનગરના રાજપુર પાટીયા પાસે ડાઈવરજન રોડ પર આજે બપોરે એસટી બસ અને રીક્ષા વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો. આ અકસ્માતમાં રીક્ષા ચાલક અને એક મહિલા મુસાફરનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું. અકસ્માતમાં અન્ય બે મહિલાઓને ગંભીર ઈજાઓ થતાં તેમને તાત્કાલિક સારવાર માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા.અકસ્માતની જાણ થતાં હિંમતનગર ગ્રામ્ય પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમ તુરંત ઘટનાસ્થળે પહોંચી ગઈ. ફાયર બ્રિગેડની ટીમે રીક્ષાને કાપીને બંને મૃતદેહોને બહાર



કાઢ્યા. અકસ્માતને કારણે રોડ પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.


## હિંમતનગર હાથમતી કેનાલની સફાઈ થશે

# વિયરથી મોતીપુરા બાયપાસ સુધી સફાઈ કામ માટે પાલિકાએ ટેન્ડર બહાર પાડ્યું

(ગરવી તાકાત) હિંમતનગર તા.૧૮

હિંમતનગરના મધ્યમાંથી પસાર થતી હાથમતી કેનાલમાં ગંદકી અને દુર્ગંધની સમસ્યાને હલ કરવા નગરપાલિકાએ પગલાં લીધા છે. હાથમતી વિયર પાસેની સિંચાઈ ઓફિસથી છાપરીયા ચાર રસ્તા સુધી અને ત્યાંથી મોતીપુરા સુધીની કેનાલમાં સફાઈ કામ હાથ ધરાશે.

કેનાલમાં હાલમાં ગટરનું પાણી ભળવાથી ગંદકી અને દુર્ગંધની સમસ્યા સર્જાઈ છે. નગરપાલિકાના જણાવ્યા મુજબ, કેનાલમાં વરસાદી પાણીના નિકાલ માટે લગાવેલી પાઈપલાઈનમાં ગટરનું પાણી આવે છે. આ સમસ્યાનું નિરાકરણ કરવામાં આવશે.



દરમિયાન, કેનાલ ફ્રન્ટ પર અન્ય એક ચિંતાજનક બાબત સામે આવી છે. મહાવીરનગર ચાર રસ્તાથી છાપરીયા ચાર રસ્તા સુધીના વિસ્તારમાં વીજ થાંભલા પરના વાયરો અને સ્વિચ બોક્સના ઢાંકણ ખુલ્લા જોવા મળ્યા છે. આ વિસ્તારમાં બગીચામાં મોટી સંખ્યામાં શહેરીજનો અને વેકેશન દરમિયાન બાળકો આવતા હોવાથી સલામતીની દૃષ્ટિએ તાત્કાલિક સમારકામની જરૂર છે.

પાલિકાએ કેનાલની સફાઈ માટે ટેન્ડર બહાર પાડ્યું છે. ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ સફાઈ કામગીરી શરૂ કરવામાં આવશે. આ કામગીરીથી વિસ્તારમાં સ્વચ્છતા જળવાશે અને નાગરિકોને સ્વચ્છ વાતાવરણ મળશે.

## સાબરકાંઠા જિલ્લાના વિજયનગરના જંગલમાંથી દબાણ દૂર કરાયા

# ૬૦ હેક્ટર જમીન ખાલી કરાવાઈ, ચોમાસા દરમિયામાં ૩૦ હજાર રોપાનું વાવેતર કરાશે

(ગરવી તાકાત) હિંમતનગર તા.૧૮

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના ગોલવાડા ગામના જંગલ વિસ્તારમાંથી વન વિભાગે મોટું દબાણ દૂર કર્યું છે. વન વિભાગે પોલીસ બંદોબસ્ત સાથે ૬૦ હેક્ટર જમીન પરથી ૩૦ કાચા ઝૂંપડા દૂર કર્યા છે. આ જમીન પર ખેડૂતોએ અંદાજે છેલ્લા ૩૦ વર્ષથી દબાણ કરી રાખ્યું હતું.

ધોલવાણી રેંજના RFO જે.આર.ઝાલાના જણાવ્યા મુજબ, સર્વે નંબર ૮માં આવેલા જંગલ વિસ્તારમાં ૧૭ ખેડૂતોએ વન અધિકાર ધારો ૨૦૦૬ અંતર્ગત દાવો કર્યો હતો. આ દાવો નામંજૂર થયા બાદ પણ ખેડૂતોએ દબાણ દૂર ન કરતાં, વન વિભાગે કાર્યવાહી કરી



હતી.વન વિભાગના ઢ્ઢઝ઼ હર્ષ ઠક્કરે જણાવ્યું કે, જેસીબી મશીનની મદદથી તમામ દબાણો દૂર કરવામાં આવ્યા છે. હવે આ ખાલી કરાયેલી જમીન પર સરકારની ત્રણ યોજનાઓ અંતર્ગત કામગીરી શરૂ થશે. જાયકા પ્રોજેક્ટ અને કેમ્પા પ્રોજેક્ટ સહિતની યોજનાઓ હેઠળ આગામી ચોમાસામાં ૩૦ હજારથી વધુ રોપાનું વાવેતર કરવામાં આવશે. વન વિભાગે આ માટેની પ્રાથમિક કામગીરી શરૂ કરી દીધી છે.

# ડીસામાં ચેક રિટર્ન કેસમાં કુંભારિયાના શખ્સને એક વર્ષની કેદ, રૂપિયા બે લાખ ચૂકવવા આદેશ

(ગરવી તાકાત) ડીસા તા.૧૯

ડીસાની બીજી એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટે ચેક રિટર્ન કેસમાં મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. કોર્ટે કુંભારિયાના શક્તિ નાસ્તા હાઉસના માલિક રબારી જોતાજી સામરતાજીને એક વર્ષની સાદી કેદની સજા ફટકારી છે.

અંબાજીના ફોરેસ્ટ બીટ ગાર્ડ ગેલોત મુકેશકુમાર નાગજીજીએ આરોપીને ધંધા માટે રૂપિયા બે લાખ આપ્યા હતા. આરોપીએ બે મહિનામાં રકમ પરત કરવાનું વચન આપ્યું હતું.




સમય મર્યાદા પછી ફરિયાદીએ નાણાંની માંગણી કરતા આરોપીએ એચડીએફસી બેંક અંબાજી શાખાનો ચેક આપ્યો હતો.

ખાતામાં પૂરતું ભંડોળ ન હોવાથી ચેક પરત ફર્યો હતો. લેખિત નોટિસ છતાં આરોપીએ રકમ ચૂકવી ન હતી. આથી ફરિયાદીએ નેગોશિયેબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એક્ટની કલમ-૧૩૮ હેઠળ ફરિયાદ દાખલ કરી હતી.

જજ માહિરશાદ નૌશાદહુસૈન સૈયદની કોર્ટે ફરિયાદી વકીલ જે.એન.જોષીની દલીલો ધ્યાનમાં લીધી હતી. કોર્ટે આરોપીને બે મહિનામાં ફરિયાદીને રૂપિયા બે લાખ ચૂકવવાનો આદેશ કર્યો છે. જો આરોપી આ રકમ ન ચૂકવે તો તેને વધુ છ મહિનાની સાદી કેદ ભોગવવી પડશે.

## ગુજરાતમાં ડ્રગ્સ સામે જંગ : સ્ટેટ મોનીટરીંગ સેલે ૨૪ કલાકમાં NDPSના વધુ ત્રણ કેસ કર્યા

# ચાર મહિના પહેલાં દારૂ, જુગાર ઉપરાંત SMCને ડ્રગ્સ પેડલર પકડવા સોંપાયેલી કામગીરીને મળી સફળતા

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૧૯

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશા-નિર્દેશ હેઠળ રાજ્યના યુવાઓને ડ્રગ્સની બદીથી બચાવવા માટે રાજ્ય સરકારે ડ્રગ્સ વિરુદ્ધ રીતસરની જંગ છેડી છે.

આ અભિયાન અંતર્ગત, જાન્યુઆરી ૨૦૨૫માં વિશેષ સત્તાઓ સાથે શરૂ થયેલા સ્ટેટ મોનિટરિંગ સેલ **(SMC)** પોલીસ સ્ટેશન દ્વારા માત્ર ચાર મહિનામાં ૧૨ મોટા **NDPS** (નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ)ના કેસો શોધી કાઢવામાં આવ્યા છે. આ કેસોમાં ૨૫ ડ્રગ કાર્ટેલ અને પેડલર્સને ઝડપી લેવામાં આવ્યા છે, જેમની પાસેથી કોકેઈન, **MD**, મેફેડ્રોન, ગાંજો અને ઓપિયમ આલ્કલોઈડ્સ જેવા રૂ. ૪.૧૪ કરોડની કિંમતના ડ્રગ્સ સહિતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. જેમાં બે વિદેશી (નાઈજિરિયન) આરોપીઓનો પણ સમાવેશ થાય છે.

આજે **SMC** પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા અમદાવાદના જુહાપુરા, પાટણ અને સુરત શહેરમાં **NDPS**ના ત્રણ કેસો કરવામાં આવ્યા છે, જે આ સફળતાનો ભાગ છે. ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયના સીધા માર્ગદર્શન આ કામગીરી કરી રહેલા **SMC**ના વડા નિર્લિપ્ત રાય અને તેમની ટીમને આ ઉત્કૃષ્ટ કામગીરી બદલ ખાસ અભિનંદન પાઠવ્યા છે.

હર્ષ સંઘવીએ જણાવ્યું છે કે, "ગુજરાત સરકારના આ નિર્ણાયક પગલાં રાજ્યને ડ્રગ-મુક્ત બનાવવાના




**● અત્યાર સુધીમાં કોકેઈન, MD, મેફેડ્રોન, ગાંજો અને ઓપિયમ આલ્કલોઈડ્સ જેવા રૂ. ૪.૧૪ કરોડની કિંમતના ડ્રગ્સ સહિતનો મુદ્દામાલ જપ્ત કરાયો**

**● ચાર મહિના પહેલાં દારૂ, જુગાર ઉપરાંત SMCને ડ્રગ્સ પેડલર પકડવા સોંપાયેલી કામગીરીને મળી સફળતા**

**● SMCની ટીમે સ્થાનિક પોલીસની નજરમાંથી ચૂકી ગયેલી ડ્રગ્સની હેરાફેરી પર નજર રાખીને માફિયાઓ સુધી પહોંચવાનું શાનદાર કામ કર્યું : હર્ષ સંઘવી**

લક્ષ્યને વધુ વેગ આપે છે. રાજ્યમાં એક ગ્રામ ડ્રગ પણ ન મળવું જોઈએ. **SMC**ની ટીમે સ્થાનિક પોલીસની નજરમાંથી ચૂકી ગયેલી ડ્રગ્સની હેરાફેરી પર નજર રાખીને માફિયાઓ સુધી પહોંચવાનું શાનદાર કામ કર્યું છે. આ લડાઈ આગળ પણ ચાલુ રહેશે."

નોંધનીય બાબત છે કે, અગાઉ **SMC** દારૂ, જુગાર અને ક્રિકેટ સટ્ટા જેવા કેસો પર કામ કરતું હતું. પરંતુ, **SMC**ને અલગ પોલીસ સ્ટેશન તરીકે સ્થાપિત કરી ઓર્ગેનાઈઝ ક્રાઈમ પર નિયંત્રણ લાવવા ખાસ જવાબદારી સોંપવામાં આવી છે જેમાં ડ્રગ્સની હેરાફેરી પકડવાનો પણ સમાવેશ થાય છે. આ નિર્દેશને આધારે **SMC**એ ડ્રગ માફિયાઓ સુધી પહોંચવા માટે તપાસને વેગ આપ્યો છે, જેના પરિણામે આ નોંધપાત્ર સફળતા પ્રાપ્ત થઈ છે.

# સંક્ષિપ્ત સમાચાર

## ગુજરાત વિધાનસભા અધ્યક્ષની અંબાજી યાત્રા

### શંકર ચૌધરીએ મા અંબાના દર્શન કર્યા; રાજ્યની સુખ-શાંતિ માટે કરી પ્રાર્થના



(ગરવી તાકાત) અંબાજી તા.૧૮

શક્તિપીઠ અંબાજી મંદિરે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ રાત્રે દર્શન કર્યા. અંબાજી મંદિર ટ્રસ્ટે તેમનું વિશેષ સ્વાગત કર્યું હતું.

વિધાનસભા અધ્યક્ષે માતાજીના ચરણોમાં શીશ નમાવી ધન્યતા અનુભવી. તેમણે રાજ્યના સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી. મંદિરના ભટજી મહારાજે શંકરભાઈને તિલક કરી, માતાજીની ચુંદડી ઓઢાડી આશીર્વાદ આપ્યા.

શક્તિ, ભક્તિ અને આસ્થાનું ત્રિવેણી સંગમ ગણાતા અંબાજી મંદિરમાં દરરોજ હજારો ભક્તો દર્શન કરવા આવે છે. શંકરભાઈએ સિદ્ધિવિનાયક મંદિરના પણ દર્શન કર્યા. આ પ્રસંગે અંબાજી ભાજપ મંડળના કાર્યકરો હાજર રહ્યા હતા.

## બિનજરૂરી ગન લાઈસન્સ સંદર્ભે ગૃહ વિભાગની સમીક્ષા બાદ વધુ ગન લાઈસન્સ રદ થવાની સંભાવના

ગાંધીનગર,તા.૧૭

ગુજરાતમાં ગન લાઈસન્સ પર ગૃહ વિભાગે બ્રેક લગાવી છે. વિગતો મુજબ ગૃહ વિભાગે વર્તમાન ૫૦૦ ગન લાઈસન્સ રદ કર્યા છે. આ સાથે ગન લાઈસન્સ સંદર્ભે ગૃહ વિભાગે સમીક્ષા શરૂ કરી છે.મહત્વનું છે કે, બિનજરૂરી ગન લાઈસન્સ સંદર્ભે ગૃહ વિભાગની સમીક્ષા બાદ વધુ ગન લાઈસન્સ રદ થવાની સંભાવના છે. નોંધનીય છે કે, તાજેતરમાં જ આ ગણ લાઈસન્સનો મુદ્દો ખૂબ ચગ્યો હતો.

રાજ્યના ગૃહ વિભાગે એકસાથે વર્તમાન ૫૦૦ ગન લાઈસન્સ રદ કર્યા છે. વિગતો મુજબ ગુજરાત સરકારે નવા ગન લાઈસન્સ પર બ્રેક લગાવી છે. ગન લાઈસન્સ બાબતે રાજ્ય સરકાર ગંભીર વિચારણા શરૂ કરી છે. નોંધનીય છે કે, વર્ષ ૨૦૧૬માં ૬૦,૭૮૪ લાઈસન્સ, વર્ષ ૨૦૨૩માં ૬૭,૩૦૮ ગન લાઈસન્સ ઈશ્યું થયા.આ તરફ હવે રાજ્ય સરકારે ગન લાઈસન્સ સંદર્ભે ગૃહ વિભાગે સમીક્ષા શરૂ કરી છે. આ સાથે નવા લાઈસન્સ પર બ્રેકની સાથે વર્તમાન લાઈસન્સની સમીક્ષા કરાશે. જોકે ગૃહ વિભાગની સમીક્ષા બાદ વધુ ગન લાઈસન્સ રદ થવાની સંભાવના નકારી શકાય નહિ.

## વડોદરામાં નંદેસરીમાં કોંગ્રેસનાં નેતાનાં પુત્ર સામે એટ્રોસિટી અને દુષ્કર્મની ફરિયાદ

વડોદરા,તા.૧૮

વડોદરામાં નંદેસરીનાં કોંગ્રેસનાં નેતાનાં પુત્ર સામે એટ્રોસિટી અને દુષ્કર્મની ફરિયાદ નોંધાવાઈ છે. ૨૬ વર્ષીય યુવતી ગર્ભવતી બનતા જબરજસ્તી ગર્ભપાત કરાવ્યો હતો. યુવતીના પરિવારે અનિરૂદ્ધસિંહ વિરૂદ્ધ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે, તેમજ ગુનો નોંધી પોલીસે આરોપીની શોધખોળ શરૂ કરી છે.

સંસ્કારી નગરી વડોદરામાં વધુ એક દુષ્કર્મની પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે. નંદેસરીનાં કોંગી નેતા રાજેન્દ્રસિંહ ગોહિલના પુત્ર સામે અનિરૂદ્ધસિંહ ગોહિલ સામે દુષ્કર્મ તેમજ એટ્રોસિટીની પોલીસ ફરિયાદ નોંધાઈ છે. ૨૬ વર્ષીય આરોપીએ યુવતી સાથે દુષ્કર્મ આચર્યુમ હતું, બાદમાં યુવતી ગર્ભવતી બનતાં જબરજસ્તીથી ગર્ભપાત કરાવતા યુવતીએ આરોપી વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે. યુવતીના પરિજનોએ પોલીસ મથકે અનિરૂદ્ધસિંહ સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસે યુવતીનું મેડિકલ પરીક્ષણ કરાવ્યું છે. તેમજ એટ્રોસિટી અને દુષ્કર્મનો ગુનો નોંધી આરોપી શોધખોળ શરુ કરી છે. અગાઉ નવસારીમાં ભાજપના મીડિયા સેલના પૂર્વ કન્વીનર અને ટેટૂ આર્ટિસ્ટ જય સોનીએ આદિવાસી યુવતીને ફોસલાવી આદિવાસી સમાજની યુવતી સાથે શારીરિક સંબંધો બાંધ્યા હોવાનો યુવતીએ આક્ષેપો સાથેની અરજી કરતા ખળભળાટ મચી ગયો હતો. જેમાં નવસારી ડીવાયએસપીએ દુષ્કર્મ અને એટ્રોસિટી એક્ટ હેઠળ ફરિયાદ નોંધી હતી, આ મામલે સઘન તપાસ હાથ ધરવામાં આવીહતી.

## જામનગર જિલ્લામાં ૪૮ કલાકમાં ત્રણ હત્યાની ઘટનાથી હાહાકાર, આરોપી ખેડૂતની અટકાયત

જામનગર,તા.૧૮

જામનગર જિલ્લામાં છેલ્લા ૪૮ કલાક દરમિયાન હત્યાની ત્રીજી ઘટના બનતાં ભારે હાહાકાર મચી ગયો છે. જામનગર તાલુકાના મૂંગણી ગામ તેમજ જામનગર શહેરમાં હત્યાની બે ઘટના બન્યા બાદ ગુરૂવારે લાલપુર તાલુકાના નાંદુરી ગામમાં હત્યાનો ત્રીજો બનાવ બન્યો છે.

ઝાડને કાપવાના પ્રશ્ને ઝઘડો થયા બાદ સમાધાન માટે બોલાવેલા ૭૦ વર્ષના ખેડૂત બુઝુર્ગ ઉપર લોખંડના સળિયા વડે જીવલેણ હુમલો કરી હત્યા નીપજાવી દેવાની ઘટના સામે આવી છે. જે મામલે પોલીસે હત્યા અંગેનો અપરાધ નોંધી એક ખેડૂતની અટકાયત કરી લીધી છે.જામનગર તાલુકાના મુંગણી ગામમાં બુધવારે હત્યાના બનાવ બન્યા બાદ જામનગરના ગુલાબ નગર બ્રિજ પર ચાલુ ટ્રેનમાંથી એક દિવ્યાંગ યુવકની હત્યા નિપજાવ્યાની ઘટના સામે આવી હતી. ત્યારબાદ આજે વધુ એક હત્યાનો ગુનો સામે આવ્યો છે.લાલપુર તાલુકાના નાંદુરી ગામના ૭૦ વર્ષની વયના ખેડૂત બુઝુર્ગ પર હુમલો કરી તેની હત્યા નિપજાવાઈ છે. નાંદુરી ગામમાં રહીને ખેતી કામ કરતા જેતાભાઈ ભીખાભાઈ કરંગીયાને તે જ ગામમાં રહેતા ખીમાભાઈ કરંગીયા સાથે ઝાડને કાપવાના મુદ્દે બે દિવસ પહેલાં તકરાર થઈ હતી.

Volume : 11 Issue : 35 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002